**ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર**

**બિલ્ડીંગ વર્કસ કમિટી બેઠકની કાર્યવાહી નોંધ**

આઇ.આઇ.ટી.ઇ. ખાતે તા. ૦૫/૦૮/૨૦૨૧ના રોજ બપોરે ૨:૦૦ કલાકે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં બિલ્ડીંગ વર્કસ કમિટીની બેઠક મળેલ હતી, જેમાં નીચેના સભ્યો હાજર/ગેરહાજર રહેલ હતા.

| સભ્યનું નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ડૉ.હર્ષદ પટેલ, કુલપતિશ્રી, | અધ્યક્ષશ્રી | હાજર |
| શ્રી બી.કે.પંડયા , સિટી ઇજનેર, GMC, | સભ્યશ્રી | હાજર |
| શ્રી કેતન રાવત, કાર્યપાલક ઇજનેરશ્રી, પા.યો.વી. -૧, ગાંધીનગર, | સભ્યશ્રી | ગેર હાજર |
| શ્રી વત્સલ પટેલ, પૂર્વ મુખ્ય ટાઉન પ્લાનર, AMC, | સભ્યશ્રી | હાજર |
| શ્રી આલોક પટેલ, સિવિલ ઇજનેર, | સભ્યશ્રી | હાજર |
| શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, યુ.ડી.ઓ., | સભ્યશ્રી | હાજર |
| શ્રી જતિન ચાવડા, મદદ.કુલસચિવ, | સભ્યશ્રી | હાજર |
| ડૉ. હિમાંશુ પટેલ, કુલસચિવશ્રી, | સભ્ય-સચિવશ્રી | હાજર |

મિટિંગની શરૂઆતમાં સભ્ય તથા મદદનીશ કુલસચિવ- એસ્ટેટ દ્વારા યુનિવર્સિટીની બિલ્ડીંગ વર્કસ કમિટીની બેઠકમાં સર્વે સભ્યશ્રીઓનો પરિચય અને સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ મિટિંગની કાર્યવાહી અધ્યક્ષશ્રીની મંજુરીથી શરૂ કરવામાં આવેલ હતી, મીટીંગમાં એજન્ડા અન્વયે નીચે મુજબની ચર્ચા/નિર્ણયો અંગે ભલામણ થયેલ હતી.

**એજન્ડા -૧** આઇ.આઇ.ટી.ઇ. રેગ્યુલેશન નં. ૧૫ - **'Building and works Committee'** અન્વયે નિર્ધારિત 'બિલ્ડીંગ વર્કસ કમિટી'માં નિયુક્ત સભ્યોનું સ્વાગત આવકાર અને પરિચય બાબત.

**ઠરાવ :- ૧**, તમામ ઉપસ્થિત સભ્યશ્રીઓનું સ્વાગત કરી પરિચય કરવામાં આવ્યો.

**એજન્ડા-૨**, આઇ.આઇ.ટી.ઇ. ખાતે પાણીની કાયમી વ્યવસ્થા ઉભી કરવા માટે બોર, મોટર, રૂમ અને પાઇપ લાઇન વગેરે સિસ્ટમ તૈયાર કરવા માટે ૪૮મી નાણા સમિતિની બેઠકમાં ઠરાવ નં. ૩ અન્વયે તેના રૂ. ૧૦,૦૦,૦૦૦/- ની મંજુરી મળેલ, જેને ધ્યાને લઇ અનુભવી સિવિલ ઇજનેર પાસે સંસ્થાની જરૂરીયાત અને ભવિષ્યની યોજનાઓને ધ્યાનમાં રાખીને એસ્ટીમેટ તૈયાર કરાવવામાં આવેલ છે, જેના બે પ્રકારના અંદાજ આપવામાં આવેલ છે,

<u>વિકલ્પ- ૧.</u> જેમાં પંપ, રૂમ, બોર-૭૦૦ ફુટ અને પાણીના વિતરણની વ્યવસ્થાઓના રૂ. ૨૨,૧૯,૪૨૧/- .(UPVC કેસિંગ).

**<u>વિકલ્પ- ૨.</u>** જેમાં પંપ, રૂમ, બોર- ૭૦૦ ફુટ અને પાણીના વિતરણની વ્યવસ્થાઓના રૂ. ૨૦,૧૫,૧૭૧/-, (MS -ERW), બંને વિકલ્પ અન્વયે કામગીરી માટે કોઇ એક વિકલ્પ નક્કી થઇ આવવા તેમજ કામગીરી કરાવવા બાબત.

**<u>ઠરાવ:-૨</u>** કમિટીએ ચર્ચા કર્યા બાદ **વિકલ્પ- ૧**. જેમાં પંપ, રૂમ, બોર- ૭૦૦ ફુટ અને પાણીના વિતરણની વ્યવસ્થાઓના રૂ.૨૨,૧૯,૪૨૧/-(UPVC કેસિંગ) સાથે કામગીરી કરવા સર્વાનુમતે ઠરાવાયું.

**એજન્ડા :-૩** આઇ.આઇ.ટી.ઇ.નો માસ્ટર પ્લાન એમ્પેનલ થયેલ ત્રણ એજન્સીઓ પાસે તૈયાર કરાવવામાં આવેલ, જેનું નિયત થયેલ કમિટી સમક્ષ દરેક એજન્સી દ્વારા પ્રેઝેન્ટેશન કરવામાં આવ્યું, ત્યારબાદ કમિટી દ્વારા પસંદ થયેલ એજન્સીને તેમણે ભરેલા ભાવમાં વાટાઘાટો કરવા કમિટી દ્વારા બોલાવ્યા બાદ અંતિમ ૨.૪૫% મુજબ તેમણે કામગીરી કરવા માટે સંમતી દર્શાવવેલ છે, જે કામગીરી કરાવવા બાબત.

**ઠરાવ :- ૩** ઉપરોક્ત એજન્ડા અન્વયે વિગતવાર ચર્ચા કર્યાબાદ કમિટીએ આર્કિટેક દ્વારા તૈયાર કરવામાં આવેલ, પ્રેઝેન્ટેશન જોયા બાદ જરૂરી મંજુરી માટે નાણા સમિતિ, યુનિવર્સીટી પ્લાનીગ & ડેવેલોપમેન્ટ કમિટી અને એકેડેમીક કાઉન્સીલમાં મૂકી આગળની કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ આ કેમ્પસ બાંધવા માટે જરૂરી હોય તે પ્રકારની મંજુરી અને તેના ચેક લીસ્ટ મુજબ જરૂરીની કામગીરી હાથ ધરવા ઠરાવાયું.

ત્યારબાદ સૌનાં આભાર સાથે મિટિંગ પૂર્ણ કરવામાં આવી.

તા. ૦૫/૦૮/૨૦૨૧

કુલસચિવશ્રી, સભ્યસચિવ-BWC,